



## સલામી સવારની..

*સત્યનિષ્ઠા હિંમતે હતું એ નામ ચેકાઈ ગયું!*
*મૂકાઈ ગયું રાજકીય કચરે - ફેંકાઈ ગયું!*
*પંકાઈ ગ્યાંહતાં બે'દિ, પોલીસ બેડામાં 'બેદી' -*
*સત્તાના વાદળે, આશાનું 'કિરણ' ઢંકાઈ ગયું!!*
*(કિરણ બેદી 'રાજપાલ' 'બની' ગયા)*

### હાઈકુ

*કરે છે દૂર!*
*'રૂપાળા' કંટકો ને -*
*યુક્તિપૂર્વક...*
*(કોઈ ભેદી હાથ)*

*ડરે છે કેમ?*
*રિઝલ્ટના દિવસે -*
*પંખા-કેનાલો?!*
*(માટી પગું શિક્ષણ)*

## ચિંતન

**અવિદ્યાયામ્ અન્તરં વર્તમાનઃ સ્વરં ધીરાઃ પંડિતં મન્ય માનાઃ ॥**

જેઓ આપ મેળે અવિદ્યા કરતાં જુદી વિદ્યાનું (પરમેશ્વર સંબંધી વિદ્યાનું) અનુશીલન કરીને રહે છે, તેઓ બુદ્ધિમાન અને પંડિત મનાય છે.

આપણી હિંદુ સંસ્કૃતિ અને વિચારધારા અનુસાર વિદ્યાના અનેક અર્થ કરવામાં આવે છે. જ્ઞાન, તત્ત્વજ્ઞાન, શાસ્ત્ર વગેરે અર્થમાં વિદ્યાની વાતો થાય છે, એનાથી વિપરીત શાસ્ત્રને, અવિદ્યા માનવામાં આવે છે. આ માયા કરતાં જે જુદું જ્ઞાન છે. તેને જાણવા માટે અનેક પંડિતો, સાધુસંતોએ પ્રયત્ન કર્યા છે. તેઓ આ સંસારમાં માન તથા પૂજાને પાત્ર બન્યા છે. તેઓ બુદ્ધિમાન તથા દૃઢનિશ્ચિયી ગણાયા છે.

આજકાલ લોકો કોમ્પ્યુટર અને અન્ય ટેકનિકલ યંત્રો દ્વારા રોજગાર અને પેટભર 'આવક'ની જ ગણતરી રાખે છે. જીવનનો હેતુ પેટ ભરવાનો કે માત્ર સુખ સાહ્યબી પામવાનો નથી. ઈશ્વર સંબંધી - મોક્ષ સંબંધી વિદ્યા જ સાચી વિદ્યા છે.

## સુવિચાર

- કુદરતના બધાં જ પાસા મનુષ્ય સાથે મિત્રતા રાખે છે, પરંતુ મનુષ્ય-મનુષ્ય વચ્ચે તેવું નથી - **અમૃતબિંદુ**
- શાળામાં પરીક્ષા લેનાર શિક્ષક છે,
  જયારે સદ્‌ગુણની પરિક્ષા આખું જગત લેતું હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- તાકાતનો સ્વીકાર ન કરવો એ ગુરુત્વાકર્ષણનો સ્વીકાર ન કરવા સમાન છે - **અખંડ આનંદ**
- આગળ વધવાનો ટોચે પહોંચવાનો માર્ગ સરળ પણ નથી હોતો અને
  નાનો પણ નથી હોતો - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- માણસની સમજશક્તિ જ તેનું નસીબ ઘડે છે - **મલેશિયન કહેવત**
- જો તમે સાચા અને ખોટા વચ્ચે કેટલું અંતર છે
  તે સમજશો તો ચોક્કસ સાચા માર્ગે ચાલવા લાગશો - **સંત ઓગષ્ટીન**
- આજનું ઔષધ : રાઈને વાટીને મધમાં મેળવીને સવાર સાંજ ખાવાથી શરદી મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધકથા

સ્વામી રામકૃષ્ણ પરમહંસની સત્સંગ સભા ચાલુ હતી. એક યુવાને પુછ્યું - સ્વામીજી! હું વર્ષોથી નિયમિત પ્રાર્થના-પૂજા-ધ્યાન-જપ-તપ કરું છું પણ પ્રભુનો સાક્ષાત્કાર થતો નથી તેનું શું કારણ છે? પરિણામે મનમાં શંકા અને નિરાશા પણ જન્મે છે!

રામકૃષ્ણજી સ્મિત સાથે બોલ્યા - તમારા જપ-તપ માત્ર દૈનિક ક્રિયા બની ગઈ છે. તમારા રોજિંદાં ભૌતિક સુખો માટેનાં જે કામ-ધંધા છે તેવી જ તમારી પ્રાર્થના છે. 'કામ પુરું થયું' એવી ભાવના છે. પણ જયારે તમને ધંધામાં નુકશાની જાય, બાળક કે સ્ત્રી મરી જાય અને જેવો વલોપાત કરો છો એવો વલોપાત તમને ભગવાન ન મળ્યા એના માટે કદી કર્યો છે?

પ્રભુના સાક્ષાત્‌કાર માટે જયારે તમે હૃદયથી દુઃખી થઈ રડશો - વલોપાત કરશો ઈશ્વર તે જ ક્ષણે હાજર થશે...

**તંત્રીસ્થાનેથી...**

# બધા રસ્તા લખનૌ ભણી

જેમ જેમ ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણી નજીક આવતી જાય છે તેમ તેમ તમામ રાજકીય પક્ષોની નજર લખનૌ ભણી મંડાઈ રહી છે. વર્તમાન સમાજવાદી પાર્ટીની સરકાર માટે સત્તા ટકાવી રાખવી એ જીવનમરણનો પ્રશ્ન છે, કારણ કે મહત્ત્વાકાંક્ષી 'નેતાજી' ઉર્ફે મુલાયમસિંહ યાદવ માટે એમનો ગઢ સાચવવો ખૂબ જરુરી છે. આથી મુલાયમસિંહ અને એમના લઘુબંધુ શિવપાલ યાદવ પાર્ટીમાંથી નિષ્કાષિત થયેલા અમરસિંહ ઉપરાંત બધેથી ફેંકાઈ ગયેલા જાટ નેતા અજિતસિંહ સાથે પણ ગઠબંધન કરવા તૈયાર થઈ ગયા છે. જોકે કેન્દ્રીય સ્તરે સમાજવાદી પાર્ટીનું નેતૃત્ત્વ સંભાળતા મુલાયમસિંહના બીજા નાનાભાઈ રામપાલ યાદવ અજિતસિંહ જેવા અવિશ્વસનીય નેતા સાથે રાજકીય ગોઠવણ કરવાનો ચોખ્ખો વિરોધ કરી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીએ જાહેરાત કરી છે કે ઉત્તરુપ્રદેશમાં તે કોઈની પણ સાથે ગઠબંધન નહીં કરે અને એકલા હાથે ૨૬૫ બેઠકો જીતીને સરકાર બનાવશે. લોકસભાની ચૂંટણીમાં વર્તમાન કેન્દ્રીય મંત્રી મહેશ શર્માએ વ્યૂહાત્મક રોજ ભજવી અમિત શાહને મોટી ક્રેડિટ અપાવી હતી. કુલ ૮૦ બેઠકોમાંથી ૭૩ બેઠકો જીતીને મોદી-શાહની બેલડીએ એકી સાથે મુલાયમ, માયાવતી અને કોંગ્રેસની બોલતી બંધ કરી દીધી હતી. અજિતસિંહ તો ચૌધરી ચરણસિંહની ગુડવિલ પર જીવતા હતા. પરંતુ મોદી વાવાઝોડામાં એમના પગ પણ ઊખડી ગયા હતા. પુનઃ પ્રસ્થાપિત થવા માટે અજિતસિંહે ભારતીય જનતા પાર્ટીને દાણો ચાંપી જોયો, પરંતુ એમાં નિષ્ફળતા સાંપડતાં એમણે 'મુલાયમ શરણં ગચ્છામિ'નો આલાપ કરવા માંડ્યો છે. કોંગ્રેસે પણ આખી ચૂંટણી એકલા હાથે લડી લેવાની નૅમ રાખી છે. ચૂંટણી વ્યૂહના જાણતલ પ્રશાંત કિશોરને ભાડે રાખીને ચૂંટણી જીતવાનું સપનું જોઈ રહેલા રાહુલ ગાંધી માટે ઉત્તરપ્રદેશ સંજીવની બૂટીની ગરજ સારી શકે એમ છે. દેશ આખામાં કોંગ્રેસનો સફાયો થઈ રહ્યો છે તેને ઉત્તરપ્રદેશ બ્રેક લગાવી શકે એમ છે. જો ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસનો સફાયો થશે તો ૨૦૧૯માં કમબેક કરવાનું સપનું રોળાઈ જવાનું છે. આથી રઘવાયા થયેલા સ્થાનિક કોંગ્રેસીઓ રાહુલને બદલે પ્રિયંકાને ચહેરો બનાવવા મથી રહ્યા છે. ભાજપ પાસે કોઈ પ્રસ્થાપિત ચહેરો હોય તો તે રાજનાથસિંહ છે, જે કેન્દ્રમાં 'નંબર ટુ' ગૃહમંત્રીનું પદ છોડી મુખ્યમંત્રી પદનો જુગાર ખેલવા તૈયાર ન જ થાય તે સમજી શકાય એમ છે. તેથી કેટલાક લોકો ચુલબુલી અભિનેત્રીમાંથી મોદીકૃપા થકી કેન્દ્રીય માનવ સંશાધન મંત્રીનું નામ આગળ કરાઈ રહ્યું છે. વયોવૃદ્ધ કલ્યાણસિંહ હાલ રાજસ્થાનના રાજયપાલ છે. બાબરી મસ્જિદ નિરાંતે ધ્વસ્ત થવા દેનારા પૂર્વ મુખ્યમંત્રીને આગળ કરીને ભાજપ એનું હિંદુત્વ કાર્ડ ખેલવા માગે છે. બજરંગ દળ અને વિશ્વ હિંદુ પરિષદ દ્વારા અયોધ્યા અને વારાણસી જેવાં ધાર્મિક સ્થાનો પર શસ્ત્ર પ્રદર્શન અને સ્વરક્ષણ તાલીમ - એમાં આતંકવાદીઓ સ્વરુપે મુસ્લિમોને દર્શાવવાનો નુસખોઃ આ તમામ કારસા ધ્રુવીકરણ દ્વારા હિંદુ બહુમતીને રીઝવવા માટેના છે. નરેન્દ્ર મોદીના 'વિકાસ'ના મુદ્દાને જરુર પ્રાધાન્ય અપાઈ રહ્યું છે, પરંતુ રામમંદિરનો ગુપ્ત એજન્ટા પણ એટલો જ અગત્યનો મુદ્દો છે. દલિતોને રીઝવવા માટે રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે દલિત કેશવ પ્રસાદ મૌર્યને પ્રદેશ સંગઠનના સુકાની બનાવ્યા છે અને કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદે પોસ્ટ મારફત ગંગાજળ પહોંચાડવાની યોજના ઘડી છે! પરંતુ ઉત્તરપ્રદેશમાં સૌથી મોટી વોટબૉંક ધરાવતાં માયાવતીને મહાત કર્યા વગર બધાની મનની મનમાં જ રહી જવાની છે. માયાવતીના શાસનકાળમાં ગુંડાગીરીનું પ્રમાણ ઘટ્યું હતું. વળી સવર્ણ બ્રાહ્મણ સમાજનો પણ માયાવતીને મજબૂત ટેકો હતો. હાલ એ ટેકો ભાજપની તરફેણમાં ખસી ગયો છે તેમ કોંગ્રેસ પણ એમાં ભાગ પડાવી શકે એમ છે. મુસ્લિમો સમજદારીપૂર્વક એક તરફી મતદાન કરે તો ભાજપ માટે પડકારરુપ બની શકે એમ છે. ભાજપને ફાયદો એ મુદ્દે છે કે બિહારની જેમ અહીં મહાગઠબંધન રચાવાની શક્યતા નહીંવત છે.

# પ્રેમની રેશમ ડોર : તૂટે પછી જોડો તો ગાંઠ પડી જાય

એંગ્લો-આઈરિશ લેખક-કવિ અને ''ગુલિવર ટ્રાવેલ્સ''ના સર્જક જોનાથન સ્વિફ્ટ (૧૬૬૭-૧૭૪૫)એ ૭૮ વર્ષની આયુમાં ઘણી બધી નોંધપાત્ર કૃતિઓ આપી છે. તેઓએ કહ્યું છે કે ''માનવજીવનમાં સંબંધોની સુવાસ ખુબ મહત્વ ધરાવે છે. સંબંધોમાં વિશાળતા અને વ્યાપકતા હોવી જોઈએ, સંકૂલતા નહીં. સંબંધમાં વૈચારિક અવસ્થા ઉદાર જોઈએ, સંકીર્ણ નહીં. અન્યથા સંબંધ કાચના વાસણની માફક તૂટી જશે અને કદાચ કાચને ફરી સાંધી શકાય, તૂટેલા સંબંધને ક્યારેય નહીં.''

જોનાથન સ્વિફ્ટની વાત ખરેખર સાચી છે. સંબંધ એક વાર તૂટી જાય તો પછી એને ફરીથી પૂર્વવત્‌ બનાવી શકાતો નથી. સંબંધમાં સાંધો મારો કે રેણ કરાવો તો પણ જોઈ શકાય એમ તે ડોકાતું રહે છે. સંબંધને કાચના વાસણની જેમ સાચવવો જોઈએ. અલબત્ત કાચનું વાસણ તૂટી જાય તો સાંધી ન જ શકાય. અથવા કદાચ સાંધી પણ શકાય. જ્યારે સંબંધમાં એવું શક્ય બનતું નથી.

સંબંધ એટલે કાચનું વાસણ. તૂટ્યા પછી સાંધી શકાય નહીં. સાંધા ત્યાં વાંધા. સાંધાવાળું કાચનું વાસણ વપરાશમાં નથી લેવાતું. એને ફગાવી દેવું પડે છે. માણસનું પણ એવું જ છે ને. એક વાર માણસ પરથી ભરોસો ઊઠ્યો તે ઊઠ્યો. કાચના તૂટેલા વાસણની માફક જ તૂટેલા વિશ્વાસને પાછો પૂર્વવત્‌ લાવી શકાતો નથી.

જ્યારે દામ્પત્યજીવનમાં પણ ચકમક ઝરે અને વીજળી પડે પછીનો વરસાદ કદાચ એસિડ વર્ષા જેવો દાહક હોય છે. એક હિન્દી ગીતની પંક્તિ છે કે ''વો અફસાના જીસે અંજામ તક લાના ન હો મુમલિક, ઉસે ઈક ખુબસૂરત મોડ દે કર છોડ દેના અચ્છા.'' ઈલાસ્ટિક અથવા રબ્બર બની જતા સંબંધોને તાણી-તુસીને જકડી રાખવા અથવા પકડી રાખવાનો કશો અર્થ નથી. એ વારંવાર ખેંચાતા રહે છે અને રબ્બર-ઈલાસ્ટિક સમાન સંબંધના બેઉ તરફના છેડાને પકડી રાખનારને હાનિ પહોંચાડતા રહે છે.

સંબંધનું સાયુજ્ય રચાયું હોય ત્યારે એમાં પરસ્પર સ્નેહ અને આદર પણ જરુરી છે. સમર્પણભાવ પણ એમાં આપોઆપ આવી જાય. બેઉ પક્ષે જો સપ્રમાણ આદર ન હોય અને એકબીજા તરફ સંભાળ અને લાગણી ન હોય ત્યારે સંબંધની ઉષ્મા પણ ઊડી જતી હોય છે. માત્ર એકતરફી આદર અથવા સન્માન કોઈ પણ સંબંધમાં હોઈ શકે નહીં. સન્માન આપવાથી મળે છે અને આદર પણ આપવાથી મળે છે.

એક યુગલની વાત કરીએ. પતિને હંમેશા ફરિયાદ રહે કે તેની પત્ની તેની કાળજી લેતી નથી અથવા તેની બરાબર સંભાળ રાખતી નથી. સામે પક્ષે તેની પત્નીને પણ કાયમ એમ જ લાગ્યા કરે કે તેનો પતિ તેના તરફ ધ્યાન આપતો નથી, પોતાની કાળજી લેતો નથી કે પોતાની સંભાળ રાખતો નથી.




પત્નીનું કહેવું એમ હતું કે તેના પતિ કાયમ પોતાના નોકરીના કામકાજમાં જ રચ્યા-પચ્યા રહે છે. ઘરની કે પરિવારની કોઈ ચિંતા કરતા નથી અને તેની (પત્નીની) કે બે સંતાનની પણ કોઈ ખાસ કાળજી રાખતા નથી. જાણે ઘર-પરિવાર પ્રત્યે પોતાની કોઈ ફરજ જ ના હોય એવી રીતે વર્તે છે. માત્ર ઘરખર્ચ અથવા આખો પગાર ઘરે આપી દેવાથી પુરુષ તરીકે તેની ફરજ પુરી થઈ ગઈ છે, એમ માનવું પલાયનવાદ નથી તો શું છે. જ્યારે સામે પક્ષે પતિનું પણ વળી એવું વલણ હોય કે તેની પત્ની તેના તરફ ધ્યાન આપતી નથી અને ઘર-પરિવારની તથા સંતાનોની કામગીરીમાં જ રચી-પચી રહે છે. આમ અન્યોન્ય આક્ષેપ-પ્રતિઆક્ષેપ ચાલ્યા કરે પરંતુ એથી સંબંધોમાં મીઠાશ નહીં, કડવાશ જ ભળતી રહે છે.

**સ્ટોપર :** ''સંબંધ એક વૃક્ષ છે. વૃક્ષને ડાળીઓ, પાંદડાઓ, ફૂલ, મૂળ એમ સહુ સાથે અનુકૂલન સાધવાનું હોય છે. વૃક્ષ પોતાની ભુમિકા સારી રીતે નિભાવી જાણે છે. આપણે વૃક્ષ જેવા બનીએ.'' - **દલાઈ લામા**

**સંબંધ એટલે કાચનું વાસણ, તૂટ્યા પછી સાંધી શકાય નહીં, સાંધા ત્યાં વાંધા, સાંધાવાળું કાચનું વાસણ વપરાશમાં નથી લેવાતું, એને ફગાવી દેવું પડે છે**

# તે બેબાકળી થઈ ભાગતી રહી... ભાગતી જ રહી, જયાં નજર કરે ત્યાં બધાં ઘરોના બારણાં બંધ, બારીઓ પણ બંધ, ભાગતાં ભાગતાં તે કેટલીયેવાર પડી, પાછી ઊભી થઈ એકદમ ભાગતી રહી

કોઈ અજાણ્યા શહેરમાં ગયા હો અને રસ્તો ભુલી ગયા તો કેવી ભયંકર બીક લાગે. તેમાં પણ એક સુંદર યુવાન સ્ત્રી, તે પણ એકલી. જે રોજ છાપાઓમાં સમાચાર વાંચતી હોય અને ટીવી, રેડિયોમાં ન્યુઝ જોતી સાંભળતી હોય, રોજબરોજ બનતા બનાવો અને બેહુદી વાતોથી પરિચિત હોય.

તે એક અજાણ્યા શહેરમાં ગયેલી. તેને તેની પરિણિત ભત્રીજીએ મહુવાથી પધારેલ પ્રખ્યાત કથાવાચકની કથા સાંભળવા આમંત્રણ આપ્યું હતું. પંદર દિવસથી રોજ ફોન કરીને આગ્રહ કરતી હતી. એ તેનું પ્રેમભર્યું આમંત્રણ ઠુકરાવી ન શકી તેથી ગઈ.


પૂર્ણાહૂતિના એક દિવસ પહેલાં તેને આપવા-લેવા માટે જરુરી ચીજવસ્તુઓની ખરીદી કરવી હતી. તૈયાર થઈ પર્સ લટકાવી રીક્ષામાં બેસી ગઈ અને બજારમાં પહોંચી ગઈ. રીક્ષા તેને છોડીન જતી રહી. તે ખરીદી કરતાં કરતાં એક દુકાનથી બીજી દુકાને ફરતાં કોણ જાણે કેટલીયે આગળ નીકળી ગઈ. આ તો એકદમ અજાણ્યો વિસ્તાર હતો. જયાં તે રોકાઈ ગઈ તે જગ્યાનું નામ પણ ભુલી ગયેલી. માણસો અને વાહનો રસ્તા પર આમથી તેમ જતાં હતાં. તે પુછવા માંગતી હતી પણ કોને પુછ્યું અને શું પુછ્યું તેની સમજ તેને પડતી ન હતી. કોઈ છેલબટાઉ જવાનીયા તેને ટીકી ટીકીને જોતા ત્યારે એને ખુબ સંકોચ થતો હતો. પોતે શા માટે એકલી નીકળી પડી એ વાતે તેને હવે પસ્તાવો પણ થવા લાગ્યો હતો. પણ થાય શું? બધાં જ વ્યક્તિઓ સફેદ વસ્ત્ર પરિધાનમાં હતા. લાંબા ઝભ્ભા ને ખેસ નાંખેલા હતા. બધાની લાંબી લાંબી સફેદ દાઢીઓ અને મુછો હતી. તેણે તેમાંથી એકને પોતાની વ્યથા જણાવી અને એ પણ કહ્યું કે હું આમ તો ફલાણી જગ્યાએ રહું છું પણ એક કુટુંબને ત્યાં મહુવાથી પધારેય બાપુની કથા સાંભળવા આવી છું.

એ આધેડ પુરુષ કહ્યું, 'ચિંતા ન કરો હું તમને ત્યાં પહોંચાડી દઉં છું. બાપુ મારા પરિચિત છે. તેને પેલા વ્યક્તિની વાત સાંભળી આશ્વાસન મળ્યું. મનમાં ભાવ જરા ઓછો થયો. તેવામાં તેણે જોયું, તે વ્યક્તિ બીજા ત્રણ ચાર વ્યક્તિઓ સાથે વાત કરી રહ્યો છે. તે વ્યક્તિઓની નજર તેના પર મંડાયેલી છે. તેઓ પણ પેલી વ્યક્તિ સાથે ચાલવા તૈયાર થયા.'

થોડી ક્ષણો પહેલાંની માનસિક શાંતિ અચાનક જાણે કોલાહલમાં બદલી ગઈ. તેને એ બધા સરકારી પાંજરામાં બંધ વિખ્યાત-કુખ્યાત સંતના ચેલાઓ લાગવા લાગ્યા. આટલા બધા જણ.... તેમનો ઈરાદો કંઈ ખરાબ તો નહીં હોય ને? તે ત્યાંથી ભાગી છૂટી. આગળ આગળ એ અને તેમની પાછળ સફેદ વસ્ત્રધારી સાધુઓની ટોળી.

તે બેબાકળી થઈ ભાગતી રહી... ભાગતી જ રહી. જયાં નજર કરે ત્યાં બધાં ઘરોના બારણાં બંધ, બારીઓ પણ બંધ. ભાગતાં ભાગતાં તે કેટલીયેવાર પડી. પાછી ઊભી થઈ એકદમ ભાગતી રહી.

સામે ઝૂ નો દરવાજો ખુલ્લો હતો. તેણે જોયું તો કોઈ ચોકીદાર પણ દેખાયો નહીં. એકદમ સૂનકાર સન્નાટો ફેલાયેલો હતો. તે અંદર પ્રવેશી આગળ વધી. બધાં પ્રાણીઓ સુસ્ત સુઈ રહ્યા હતા. સામે તેને એક પીંજરું દેખાયું. સાંકળ ખોલી એ તેમાં ઘુસી ગી. જોયું તો આ શું? એક બાજુ ખૂણામાં સિંહ સૂતો હતો. તે પણ ગરમીથી કંટાળેલો હોય એમ લાગ્યું. પોતાના રહેઠાણમાં




અજાણ્યો પગરવ સાંભળી એ જરા ડિસ્ટર્બ થયો અને મોં ફાડીને જરા ધમકાવવાની મુદ્રામાં બધા દાંત બતાવી સહેજ ઘુરકીયું કર્યું. ગરમીથી કંટાયેલો સિંહ જરા આઘોપાછો થયો. પછી પાછો લાંબો થઈ સૂઈ ગયો.

બાપ રે... એક તરફ કૂવો ને બીજી તરફ ખાઈ... ભયથી તેના પગ જડવત થઈ ગયા. તે વિચારવા લાગી કે મરવાનું જ છે તો અહીં જ મરું... પેલા રાક્ષસોથી તો બસી જઈશ. તે ભયભીત ધ્રુજતી થરથરતી ખૂણામાં લપાઈ રહી.

**બાપ રે... એક તરફ કૂવો ને બીજી તરફ ખાઈ... ભયથી તેના પગ જડવત થઈ ગયા, તે વિચારવા લાગી કે મરવાનું જ છે તો અહીં જ મરું... પેલા રાક્ષસોથી તો બસી જઈશ, તે ભયભીત ધ્રુજતી થરથરતી ખૂણામાં લપાઈ રહી**

સિંહના પીંજરામાં છુપાયેલી એ સ્ત્રીએ નિરાંતનો શ્વાસ લીધો. છતાં મનમાં એક અજ્ઞાન અને જ્ઞાત ધ્રુજારી તેને પરસેવે રેબઝેબ કરતી હતી. ભયથી શરીર કંપી રહ્યું હતું. પેલા શ્વેત વસ્ત્રધારી દાઢીવાળા હવે થાકી હારીને જતાં રહ્યા હતા. તે પીંજરામાંથી હળવે પગલે ચારે બાજુ નજર ફેરવતી રસ્તા પર આવીને ઊભી રહી. સાંજ ઢળતા આવતાં લોકોની અવરજવર ચાલુ થઈ ગઈ હતી. તે વિચારતી હતી કે આજના સમયમાં હિંસક પશુઓ કરતાં વધુ ખતરનાક તો માણસો થઈ ગયા છે. પશુ તો ભુખ્યું હોય ત્યારે જ હિંસક બને છે. પણ માણસો તો કાયમ ખુલ્લા જ હોય છે. હે ભગવાન તારો ખુબ મોટો પાડ... હું આજે બચી ગઈ...

જરા સ્વસ્થ થતાં તેને યાદ આવ્યું કે તેની પાસે ફોન નંબર તો છે. તે અત્યાર સુધી ભૂલી ગયેલી તો શું થયું. તેણે તાત્કાલિક ફોન કરી તેનાં પરિચિતોને જાણ કરી કે હું અમુક જગ્યાએ ઊભી છું.

સવારે દુધવાળાએ સાંકળ ખખડાવીને બૂમ પાડી ત્યારે તે એકદમ ચોંકીને જાગી ગઈ. બાપ રે... આ તે કેવું ભયાનક સપનું. ચહેરા પર આવેલ પરસેવાને તેએ પાલવથી લુંછ્યો. પછી તો આખો દિવસ સપનાંવાળાએ દશ્યો તેની નજર સામે ઘુમતાં રહ્યાં.

# આખર તારીખની યાદ...!! ખુશ હે જમાના આજ પહલી તારીખ હૈ...!!

'ખુશ હે જમાના આજ પહલી તારીખ હૈ,
દિન હૈ સુહાના આજ પહલી તારીખ હૈ'

આ ગીત રેડિયો સિલોન પર દર મહિનાની પહેલી તારીખે સવારે સાડા સાત વાગે વાગતું, અને એ ગીત એક નવો જોમ-ઉત્સાહ ભરી દેતું... આજે ઘણાં સમય પછી આ ગીત આકાશવાણી પર વાગ્યું અને મનહર ભાવસાર, એક નિવૃત્ત સરકારી કર્મચારી છેક ૨૫-૩૦ વર્ષ અગાઉના ભૂતકાળમાં સરી પડ્યાં...

એ જમાનામાં બધાં સરકારી કર્મચારીઓનો પગાર પહેલી તારીખે થતો એય રોકડમાં!! કડકડતી નોટોનું એ કવર હેન્ડબેગમાં મુકીને પહેલીએ ઘરે છાતી કાઢીને મારેલો રૂઆબ હજીએ યાદ હતો. એ સમયમાં સરકારનું પાંચમું પગારપંચ પણ આવ્યું નહોતું એટલે પગાર ત્રણ આંકડામાં જ હતો...

આખર તારીખ જેવો શબ્દ તો આજની જનરેશનમાંથી ગાયબ જ છે, પણ એ આખર તારીખના અંધારા મનહરભાઈની જેમ ઘણાં બધાંએ ધોળે દિવસે જોયાં હશે. પગાર સિવાય ઉપરની આવક નહીં, પ્રામાણિક જીવન અને ૪-૫ બાળકો ધરાવતો પરિવાર એટલે મહિનાનું છેલ્લું અઠવાડિયું આવે ત્યારે ખાંડનો ડબ્બો તળીએ આવ્યો હોય, તેલની બરણી આડી કરીને તેલ કાઢ્યું હોય, ગેસનો સિલિન્ડર પણ આંચકા ખાતો હોય અને ચા તો બાજુવાળાના ત્યાંથી વાટકી ભરીને ઉધાર માંગી લીધી હોય... બટાકાનું શાક બબ્બે ટાઈમ બનવા લાગે.

આખર તારીખ આવે એટલે ઉધારી ચાલુ થઈ જાય. શાકભાજી, કરિયાણું, કટલરી, સ્ટેશનરી તો ઠીક હજામ અને સાઈકલવાળાને ત્યાં પણ ખાતું પડી ચુક્યું હોય... આમ તો મોંઘવારી વધુ નહીં એટલે ૨૭૦ રૂપિયાનો પગારદાર પણ મહિને ૨૦-૨૫ રૂપિયાની બચત કરી લે, પણ જો આકસ્મિક ખર્ચા આવ્યા તો પછી ઉધારી કરવી જ પડે... મનહરભાઈને એ સમયની શાકભાજી, કરિયાણું, સોનું બધાંના ભાવ યાદ આવવાં લાગ્યાં...


ડુંગળી-બટાકા તો કેટલાંય વર્ષો સુધી ચાર રૂપિયે અઢી કિલો મળતાં! શાકભાજી લઈએ તો કોથમીર-મરચાં-આંદુનો મસાલો તો મફત જ મળે. સરગવો ત્યારે મફત મળતો હતો તો ગવાર માત્ર ભેંસો જ ખાતી હતી! કોઈ આડોશી-પાડોશી ગામડે જાય તો ફલાવર-કોબી-ભટ્ટા-દૂધી થેલાં ભરીને લઈ આવે અને બધાંને મફત વહેંચી આવે! પ્લાસ્ટિક બૅગનો આવિષ્કાર નહોતો એટલે દૂધ ડોલચામાં કે બરણીમાં લાવવું પડતું, દૂધવાળો દૂધમાં પાણી નાખે છે એ માટે મહિને બે-ચાર વાર કકળાટ પણ થતો!

**આખર તારીખોમાં સદા કડકી નડે છે,**
**અને પહેલી તારીખે ઉધારિયા નડે છે.**
**પછી એની યાદોનું આખું ઝાડ ઉગે છે,**
**જૂના પટારામાંથી ખાસ કાગળ જડે છે!**

અત્યારે ૪૦ રૂપિયે પહોંચેલી ખાંડ બે રૂપિયે કિલો હતી અને મોટાં દાણાંવાળીને મોરસ કહેતા. મોરારજી દેસાઈના વખતમાં જૂતાનાં ભાવે ખાંડ મળતી! સિલિન્ડરવાળા ગેસ સ્ટવ આવતાં પહેલાં બર્નરવાળા અને દિવેટવાળા પ્રાયમસ વપરાતાં, અને એ માટે કેરોસીન જોઈતું, અઠવાડિયે એકવાર કેરોસીનવાળો આવતો અને ફીણ ચઢાવીને આપતા પાંચ લિટરની જગ્યાએ ચાર લિટર જ મળતું!

આખર તારીખનું શ્રેષ્ઠ એટીએમ કાર્ડ એટલે રેશનકાર્ડ... ત્યારે લાલ અને સફેદ એવાં બે રેશનકાર્ડ બનતાં. રેશનકાર્ડ પર ખાંડ, ચોખા, ઘઉં, તેલ મલે, એમાંય પામોલીન તેલ તો બે રૂપિયે કિલો મળે. જેમની આર્થિક પરિસ્થિતિ નબળી તેઓ તો દિવાળી સિવાય સિંગતેલ પણ ખાઈ શકતાં નહોતાં!

મર્યાદીત આવકને કારણે કરિયાણું, દૂધ, કટલરી, વાસણ, કપડાં જેવા જરૂરિયાતની બધી જ વસ્તુઓ ઉધારીમાં આવતી. ખાતું રાખવું એ સામાન્ય બાબત હતી. મનહરભાઈને એમના મિત્ર વાતવાતમાં કહેતા એક કહેવત યાદ આવી ગઈ. 'હપ્તામાં તો હાથી ખરીદાય, રોકડામાં તો બકરુંય ન આવે' અને એ એકદમ હસી પડ્યા...



એમનાં ઘરે વૉટ્સનનું બ્લેક એન્ડ વ્હાઈટ એન્ટેના વાળુ માત્ર દૂરદર્શન અને મેટ્રો બે જ ચેનલ ધરાવતું ટીવી હતું. એમણે જયારે પ્રથમ કલર ટીવી બીપીએલ અને એ પણ કોર મોડલ હપ્તામાં લીધેલું ત્યારે આખી સોસાયટી જોવા આવેલી અને એમણે સૌને હોંશે હોંશે પેંડાય ખવડાવ્યા હતાં! એમ તો મનહરભાઈ યાદ કરતાં હતાં કે એમણે સાઈકલ પણ સેકન્ડ હેન્ડ ૭૦ રૂપિયામાં લીધેલી, એય ૧૦ રૂપિયાના માસિક હપ્તે, અને એનાંય પેંડા!!

આમ તો ૨૦ તારીખ પછી જ બધાં ખીસ્સાં ખાલીખમ થઈ જતાં પણ કયારેક એમના પત્ની સાચવીને રાખેલા બે-પાંચ રૂપિયાની મદદ કરતાં. શેરડીનો રસ કે બરફનો ગોળો, કુલ્ફી કે પછી બેકરી બધાંને ત્યાં બાકીનો મામલો ચાલતો... આખર તારીખમાં જો સાઈકલ પંચર પડે તો બે રૂપિયા એનાંય બાકી! નોટ-ચોપડીઓ, યુનિફોર્મ, દિવાળીના ફટાકડાં, ઉત્તરાયણની પતંગ, દિવાળીના નવા કપડાં બધું જ બધાં બાળકોને અપાવતાં, અલબત્ત ઉધારીમાં જ!




મહિનાની પહેલી તારીખ આવે એટલે આખો પરિવાર એ દિવસનો ઈન્તેજાર કરતાં હોય. મનહરભાઈ ક્લિન શૅવ સાથે કડક ઈસ્ત્રીના કપડાં પહેરી જમીને જલ્દીથી ઑફિસ જવાની ઉતાવળ કરે. એ જતાં જતાં એમની પત્નીને પુછતાંય ખરાં કે તારા માટે શું લાવું? કરકસરના એ જમાનામાં પત્નીઓ કોઈ ડિમાન્ડ કરતી નહીં, કારણ આખર તારીખની ઉધારીનું દેવું ચુક્તે કરવાનો હિસાબ એમનાં મનમાં રહેતો!

સાંજ પડેને મનહરભાઈનો પરિવાર એમનું સ્વાગત કરવાં તૈયાર જ હોય. દીકરાઓ બુટ-મોજાં કાઢી આપે. પત્ની એમની બેગ લઈ. એમને ફટાફટ ચા બનાવી આપે. મનહરભાઈ ફ્રેશ થઈ ભગવાન આગળ દીવો કરી, પગારનું કવર તાંસકમાં મુકે સાથે લાવેલા પેંડાનો પ્રસાદ થાય, એ રૂપિયાનું કવર પત્નીના હાથમાં સોંપીને પેંડા બાળકોને વહેંચવા લાગી જાય... ઘરમાં પહેલી તારીખ એટલે તહેવાર જેવી બની રહે... ઘરમાં એક થી પાંચ તારીખ એટલે આખર તારીખમાં કરેલા ખર્ચા ચુકવણીનો સમય!

આજે એટીએમ, ક્રેડીટ કાર્ડ આવી ગયાં છે. પગાર તો સીધો બેન્ક અકાઉન્ટમાં જમા થાય છે. છઠ્ઠા પંગારપંચ પછી તો સરકારી કર્મચારી સમૃદ્ધ થઈ ગયા છે. આખર તારીખની સંકડાશ લગભગ દૂર થઈ ગઈ છે. થોડાં મહિનાનો પગાર બચત થાય તો ટીવી, ફ્રીજ, એ.સી., જેવા ઉપકરણો તો રોકડામાં આવી જાય છે. રોકડનો વહેવાર ઓછો અને ઓનલાઈન, નેટ બેંકીગ ચલણમાં આવ્યું હોવાથી કૅશ સેલેરી ઘરમાં આવતી નથી. વ્યવસ્થા વધી ગઈ છે, એ પણ એમાંથી મળતો આનંદ?

મનહરભાઈને આજે ગીતની સાથે જ એમની જુની હિસાબની નોટ મળી આવી છે. પાંચ-દસ રૂપિયાની ઉધારી કે વિવિધ દુકાનદારોની ચૂકવણીનો હિસાબ જોઈ એ ૨૫૦-૩૦૦ ની બેલેન્સશીટ જોઈ હસી રહ્યાં છે. આખર તારીખ હતી, તકલીફ હતી પણ આનંદ ભર્યો હતો. હપ્તે ખરીદેલી વસ્તુમાં રોમાંચ હતો, આજે ટીવી-લેપટોપ જેવી ૩૦-૪૦ હજારની વસ્તુ એક જ ઝાટકે ખરીદી કરાય છે, પણ એને લેવા માટે કરેલા

**અનુસંધાન પાના નં. ૭ પર**